## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




હવે તમે સત્યોતેર લોકો કેબિનેટમાં છો... પણ યાદ રાખજો દેશ એક જ છે...!!

# લો બોલો.. વસાહતીઓના નાકમાં દમ લાવનાર ટ્રી-ગાર્ડ ચોર સરકારી કર્મચારી નીકળ્યો..!!

### સે.૨માં ટ્રી-ગાર્ડ ચોરાવા સાથે છોડને નુકશાન પહોંચાડવાની ઘટનાઓથી વસાહતીઓ હતા પરેશાન : ગઇકાલે મોડી રાત્રે પ્રકૃતિ વિરોધી કૃત્ય કરતા ઈસમને રંગે હાથ ઝડપી લેતાં તે સ્થાનિક વસાહતી જ નિકળ્યો

ગાંધીનગર તા.૦૮

ગાંધીનગરના સેક્ટર-૨ સી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી વસાહતીઓ દ્વારા ઘર આંગણે કરવામાં આવેલા વૃક્ષારોપણને નુકશાન પહોંચાડવા સાથે રખડતા ઢોરથી છોડના રક્ષણ માટે લગાડવામાં આવેલા ટ્રી ગાર્ડની ચોરી થવાની ઘટના બની રહી હતી જેના કારણે વસાહતીઓ પરેશાન હતા. જોકે ગઈકાલે મોડી રાત્રે વસાહતીઓએ આ ટ્રી ગાર્ડ ચોરને ઝડપી લીધો હતો અને તે સ્થાનિક રહેવાસીઓ સાથે સરકારી કર્મચારી નીકળતાં વસાહતીઓ અચંબિત થઈ જવા પામ્યા હતા.

ગાંધીનગર આમ તો પ્રકૃતિપ્રેમી શહેરીજનોનું શહેર કહેવાય છે અને અહીં લગભગ દરેક પ્લોટ ધારકોએ પોતાના ઘરના આંગણે નાનકડો બગીચો વિકસાવેલો છે. પર્યાવરણ પ્રેમી શહેરીજનોના આ શહેરમાં કોઈ તાજા વાવેલા છોડને નુકસાન પહોંચાડતો પ્રકૃતિ વિરોધી વ્યક્તિ પણ હોય તે વાત શહેરીજનો માટે અજુગતી છે. છેલ્લા કેટલાક દિવસથી શહેરના સેક્ટર-૨ સી માં આગામી વરસાદી સીઝનને અનુલક્ષીને વસાહતીઓ દ્વારા પોતાના ઘરની બહાર ખુલ્લી જગ્યામાં જે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હોય તે છોડને તોડી નુકશાન પહોંચાડી અને છોડને રખડતા ઢોરોથી બચવા સુરક્ષા માટે લગાડવામાં આવેલ ટ્રી ગાર્ડની ચોરી થવાની ઘટના વારંવાર સર્જાતી હતી. મોંઘા ભાવના ટ્રી ગાર્ડ અને જાતે ખરીદીને લાવેલા છોડને વારંવાર નુકસાન થવાથી વસાહતીઓ પરેશાન થઈ ઉઠ્યાં હતાં અને આ હરકત કરનાર તત્વોને ઝબ્બે કરવા માટે કટિબદ્ધ બન્યાં હતાં. કેટલાક વસાહતીઓએ તો ટ્રીગાર્ડ બચાવવા માટે ટ્રી ગાર્ડની આસપાસ થુવેરની વાડ પણ કરી હતી.

ગઈકાલે મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના સુમારે ચોર જ્યારે એક વસાહતીના ઘર આગળ લગાડવામાં આવેલ ટ્રી ગાર્ડની ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો જ્યારે તેનો હાથ ફસાઈ ગયો હતો. આ સમયે ચોકસાઈ રાખી રહેલા વસાહતીઓ તેને પકડવા દોડી આવ્યાં હતાં અને ચોર ચોરની બૂમાબૂમ થતાં આ ઈસમ ભાગીને નજીકના જ પોતાના ઘરમાં ઘુસી જતાં વસાહતીઓને ચોર કોણ હોવાનું સ્પષ્ટ થઈ ગયું હતું. ચોરની ઓળખ થઈ જતા વસાહતીઓ પણ ચોંકી ઊઠ્યા હતા કારણ કે તે એક સરકારી કર્મચારી છે. જોકે થોડું સનકી મગજ ધરાવતો આ ઈસમ તેની પ્રકૃતિ વિરોધી વિચારધારાને પગલે આવું કરી રહ્યો હતો જેને વસાહતીઓએ રંગે હાથ ઝડપી ધમકાવતા હવે તેવું નહીં કરવાનું તેણે વચન આપતા વસાહતીઓએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.





છેલ્લા કેટલાક સમયમાં આપણને વૃક્ષારોપણનુ મહત્વ સમજાયુ છે. નેચરલ ઓક્સિજન આપતા વૃક્ષોનુ જતન કરીશુ તો જ આપણે આપણા ભવિષ્યને સુરક્ષિત કરી શકીશુ. સંસ્કૃતિ પરિવાર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી આ વૃક્ષોના ઉછેરની જવાબદારી સંસ્થાની બહેનોએ સંભાળી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમની સાથે કોરોના વોરીયર્સનો સન્માન સમારંભ પણ યોજાયો હતો.

## ઘ-૪ અન્ડરપાસના કામમાં થયેલા ભ્રષ્ટ્રાચારની તપાસ કરવા પિન્કી પટેલની માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ઘ-૪ પાસે બનાવવામાં આવેલ અન્ડરપાસના કામમાં થયેલ ગીરરીતિ અંગે કોંગીના પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલે તેમાં થયેલા ભ્રષ્ટ્રાચાર બાબતે તપાસ કરવા માંગ કરી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં તેમણે તાઉ-તે વાવાઝોડાને પગલે થયેલા વરસાદ પછી જે રીતે પાણી ભરાયા હતા તેનો ઉલ્લેખ કર્યો છે. આ અન્ડરપાસમાં લેવલીંગનું કામ બરાબર નહિ થયુ હોવાને કારણે પણ આજે પણ મરામત પછી પરિસ્થિતિ તેની તે જ રહેવા પામી છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યુ છે કે આ અન્ડરપાસમાં લગાવાયેલી લાઈટો પણ છેલ્લા પંદર દિવસથી બંધ હાલતમાં છે. સ્માર્ટસીટીના અધિકારીઓ રોજ અહિથી પસાર થાય છે પરંતુ તેમને આ ધ્યાનમાં કેમ નથી આવતુ તે હજુ સમજાતુ નથી.

તેમણે હવે ગાંધીનગરમાં ગ-૪ પાસે જે અન્ડરબ્રીજનું કામ ચાલે છે તેમાં પણ કોઈ રોકટોક વગર કામ ચાલી રહ્યુ છે તેની તપાસ પણ કરવામાં આવે અને આ માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં આવે તેવી માંગણી કરી છે.

## ધોરણ-૧૦-૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું

### પોલીસ દ્વારા ૨૦ વિદ્યાર્થીઓની અટકાયત

ગાંધીનગર, તા. ૮ ફોટો

કોરોના કહેરને પગલે રાજયમાં અભ્યાસ કરતા ધોરણ-




૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. પરંતુ ધોરણ-૧૦ અને ૧૨ રીપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં ન આવતા સરકારની બેવડી નિતીને પગલે વિદ્યાર્થીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રીપીટર વિદ્યાર્થીઓ દ્વારા સરકારની નિતીનો વિરોધ કરવામાં આવતા ૨૦ વિદ્યાર્થીઓની પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.

મળતી વિગત મુજબ રાજય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી પાસ કરવામાં આવ્યા છે.તેમ રીપીટર વિદ્યાર્થીઓને પણ અન્ય વિદ્યાર્થીઓની જેમ માસ પ્રમોશન કમ માસ પ્રોગેશન આપવા વાલી મંડળો અને વિદ્યાર્થીઓ સંગઠન



સહિત વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ પણ માંગ કરી હતી. ત્યારે સરકાર દ્વારા રીપીટર વિદ્યાર્થીઓનું પરીક્ષાનું ટાઈમ ટેબલ પણ આવી ગયું છે.ત્યારે ધોરણ -૧૦ અને ૧૨ ના અંદાજીત ૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા ચિંતાગ્રસ્ત દેખાય છે. ત્યારે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયમાંથી આવેલા રીપીટર વિદ્યાર્થીઓ દ્વારા સરકારની બેવડી નિતિનો વિરોધ પ્રદર્શીત કર્યો હતો. રેગ્યુલર વિદ્યાર્થીઓની જેમ રીપીટરને પણ માસ પ્રમોશન આપવામાં આવે તેવી માંગ કરી હતી. વિદ્યાર્થીઓ વિરોધ માટે એકઠા થવાના હોવાથી પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.ત્યારે વિરોધ કરી રહેલા ૨૦ જેટલા વિદ્યાર્થીઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

## કુરબાની માટેના પ્રાણીઓની હેરફેરમાં કનડગત ના થાય તેવી માઈનોરિટી કમિશનની માંગ

ગાંધીનગર, તા.૮

રાજયના માઈનોરિટી કમિશન દ્વારા આગામી દિવસોમાં આવી રહેલા ઈદ અલ અઝહા એટલે કે બકરી ઈદના તહેવારના સંદર્ભે કુરબાની માટેના પ્રાણીઓની હેરફેર દરમ્યાન કનડગત ના થાય તેવી યોગ્ય વ્યવસ્થા કરવા તાજેતરમાં ગાંધીનગર પોલીસ ભવન ખાતે ગુજરાત રાજયના પોલિસ મહાનિદેશકને પત્ર મોકલીને અનુરોધ કરવામાં આવ્યો હોવાનું માઈનોરિટી કમિશનની અખબારી યાદીમાં જણવાયું છે.

આગામી દિવસોમાં મુસ્લિમ સમાજનો મુખ્ય તેહવાર ઈદ અલ અઝહા (બકરીદ) આવી રહ્યો છે. બકરીદ નિમિતે મુસ્લિમ શ્રધ્ધાળુઓ કુરબાની માટે જાનવરોની ખરીદી કરીને ટ્રાન્સપોર્ટના વિવિધ સાધનો મારફત લાવતા હોય છે. ગત વર્ષોમાં જોવા મળ્યું છે કે જીવદયા, ગૌરક્ષાના નામે કેટલાંક તત્વો રોડ ઉપર ઊભા રહીને બળજબરીપૂર્વક જાનવરો વાળા વાહનો વિવિધ પ્રકારની કનડગત કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામેલી છે.

આ સંદર્ભે આગામી દિવસોમાં આવી રહેલા ઈદ અલ અઝહા એટલે કે બકરી ઈદના તહેવારના સંદર્ભે કુરબાની માટેના પ્રાણીઓની હેરફેર દરમ્યાન કનડગત ના થાય તેવી યોગ્ય વ્યવસ્થા કરી આ પ્રકારનું ગેરકાયદેસર કૃત્ય કરતા તત્વો સામે કડક હાથે કામ લેવા રાજયના માઈનોરિટી કમિશન દ્વારા પોલિસ મહાનિદેશકને પત્ર લખીને અનુરોધ કરવામાં આવ્યો છે.




**કુદરતમાં ઓક્સિજન લેવલ વધારવા જોય-ઓ-મેકર્સ દ્વારા વૃક્ષારોપણ થયું**

ગાંધીનગરમાં અત્યારે વન મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે ગાંધીનગરની ટીનેજર ગર્લ તરિશી મહિપતસિંહ પરમાર દ્વારા એનાં ભાગ રૂપે ગાંધીનગરના પોર ગામમાં વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. તરિશી પરમારે એનાં જોય-ઓ-મેકર્સ એનજીઓ દ્વારા પોર ગામમાં રવિવારે સાંજે યુવાન વોલન્ટિયર સાથે મળીને કુલ ૧૫ કુદરતમાં ઓક્સિજન વધારે એવાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. વાવેલા વૃક્ષોનું જતન પણ વ્યવસ્થિત થાય એ માટે ગામના લોકોને એ વૃક્ષ દત્તક લઈ ઉછેરવાની જવાબદારી સોંપી હતી.

## રણાસણ સર્કલ પાસેથી બાઈક ચોરાયુ

ગાંધીનગર નજીક વલાદ ગામ કેનાલ નજીક ગણેશપુરા ભઠ્ઠા વિસ્તારમાં રહેતા જીવણભાઈ દેવાભાઈ ભરવાડ રીક્ષા ડ્રાઈવીંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે પોતાના મોટાભાઈ પ્રવિણભાઈ ભરવાડનું સ્પ્લેન્ડર બાઈક જી.જે. ૧૮.સી.પી.-૯૭૨૮ આવન જાવન માટે ઉપયોગ કરતા હતા. ત્યારે ગત તા.૪ના રોજ સાંજના ૫ વાગ્યાના અરસામાં ચિલોડા રીંગરોડ બ્રિજ નજીક જઈને બાઈક પાર્ક કરીને રીક્ષા લઈને ગયો હતો.ત્યારબાદ બે કલાક બાદ રણાસણ સર્કલ ખાતે પરત ફરીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં નાગરીકોને પુછતાછ કરતા બાઈક મળી આવ્યું ન હતું. રૂ.૧૫ હજારની કિંમતનું બાઈક કોઈ ચોર શખ્સ ચોરી કરી જતા ડભોડા પોલીસ મથકે બાઈક ચોરી ગુનો તપાસ હાથ ધરી છે.

## ગાડીનો કાચ તોડી ચોરી કરતા ગેંગના બે સભ્યો ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી અંદર રહેલો કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી ભાગી જતા ગેંગના બે સભ્યોને પકડી પાડી પાડ્યા છે. જયારે મુખ્ય સુત્રધારના અમદાવાદના વિવિધ પોલીસ મથકે ચોરી અને દારુના ગુના નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

શહેરના સેકટર-૭ ડી ખાતે રહેતા વિરમભાઈ ગઢવી ગત તા.૪ જુલાઈના રોજ સાંજના સમયે ભાટ એપોલો સર્કલ નજીક આવેલી રાદે ફોર્ચ્યુનના પાર્કિંગમાં કાર પાર્ક કરી હતી. તે સમયે કારના ડ્રાઈવર સાઈડનો કાચ તોડી અંદરથી ચોર શખ્સો લેપટોપ બેગ વિવિધ જરુરી કાગળો અને રોકડા રૂ.૨૫ હજાર લઈ ગયા હતા. બનાવ અંગેની ફરીયાદ અડાલજ નોંધાઈ હતી. ત્યારે કારનો કાચ તોડી ચોરીને અંજામ આપતી ગેંગને પકડી પાડવા માટે પોલીસ તંત્રએ કમરકસી રહી છે. ત્યારે પોલીસ દ્વારા ઉપરોકત ગુના અંગે ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલીન્જન્સ દ્વારા તપાસ આગળ ધપાવી હતી. જેથી રીક્ષામાં આવી કારના કાચ તોડી ચોરી કરતા ગેંગના અકબર દિલદારભાઈ સૈયદ (રહે.નરોડા પાટીયા જવાહરનગર), અને શાહરૂખ ખાન ફિરોઝખાન પઠાણ (રહે ફકીરભાઈની ચાલી રખીયાલ)ની ધરપકડ કરી પુછતાછ કરવામાં આવી હતી. ઉપરોકત બંન્ને શખ્સો સરદાર નગર મસાણીયાના મકાનમાં રહેતા રિતેશ ઉર્ફે અંધો ફુલચંદ છારા અને તેમજ છારા નગરના પીન્કેશ દીરસિંગ માછરેકર (રાઠોડ) સાથે મળીરીક્ષામાં ગાંધીનગર આવીને કારના કાચ ડીસમીસ વડે તોડી ચોરી કરી નાસી જતા હતા. રિતેશ સામે અમદાવાદ ખાતે ચોરી અને દારુના ૩૧ જેટલા ગુના નોંધાયા છે. જયારે બે વાર પાસા પણ થયેલી છે. ત્યારે પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી ફરાર બે આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## કચ્છને લીલો છમ્મ જિલ્લો બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ : રૂપાણી

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું કચ્છી માડુઓએ ઉમળકાભેર અભિવાદન કર્યું

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ



રૂપાણીએ જણાવ્યું કે કચ્છને નર્મદાનું વધારાનું ૧ મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને વહીવટી મંજૂરી ટૂંક જ સમયમાં મળી જશે. આ અંગેની સૂચના તાજેતરની કેબિનેટ બેઠકમાં આપવામાં આવી છે. ડિસેમ્બર સુધીમાં આ યોજનાના વિકાસ કાર્યો આરંભી દેવાશે. આ યોજનાના પ્રથમ ફેઝનું કાર્ય શરૂ થતા જ બીજા ફેઝની પણ મંજુરી આપવામાં આવશે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

કચ્છ જિલ્લાને નર્મદાનું વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી આપવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું કચ્છના ધારાસભ્યો, સાંસદ, શ્રેષ્ઠિઓ અને સ્થાનિક હોદ્દેદારો, સંતો-મહંતોએ ગાંધીનગરમાં ઉમળકાભર્યુ અભિવાદન કર્યું હતું.

કચ્છી માડુઓ દ્વારા અભિવાદનનો પ્રતિભાવ આપતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છી બોલીમાં વકતવ્યની શરૂઆત કરી ઉપસ્થિત સૌનું અભિવાદન ઝીલી ઋણ સ્વીકાર કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે કચ્છને લીલોછમ્મ જિલ્લો બનાવવા સરકાર કટિબદ્ધ છે. રાપર, અંજાર, મૂંદ્રા, માંડવી, ભૂજ, નખત્રાણા, લખપત અને અબડાસા જેવા વિસ્તારોમાં સિંચાઈનું પાણી પહોંચાડવા રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે. કચ્છી ખેડૂતોના બાવડામાં તાકાત છે અને રાજ્ય સરકાર તેમની પડખે છે.

નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે ગુજરાત સરકારે નર્મદાના પાણી છેવાડાના વિસ્તારોમાં પહોંચાડવા માટે બજેટની માંગ સામે ફાળવણીમાં એક રૂપિયાનો પણ ઘટાડો ક્યારેય કર્યો નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાતની ભાજપા સરકાર છેલ્લા અઢી દાયકાથી કચ્છમાં સિંચાઈ અને પીવા માટે નર્મદાનું પાણી ઠેરઠેર પહોંચાડવાના લક્ષ્ય સાથે કાર્ય કરી રહી છે.

તેમણે કહ્યું કે વર્ષ ૧૯૬૦ થી ૨૦૨૦ સુધી ૬૦ વર્ષ દરમિયાન નર્મદા મૈયાની ગુજરાતમાં યાત્રા અનેક પ્રશ્નો અને વિઘ્નો વચ્ચે આગળ વધતી રહી છે તે અંગે ગુજરાતની નવી પેઢીએ જાણવું જોઈએ.

## સેકટર-૭ વિસ્તારમાંથી બાઈક ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૭ વિસ્તારમાંથી બાઈક ચોર પોલીસના હાથે ઝડપાયો છે. સેકટર-૭ પોલીસના સર્વેલન્સ સ્કવોડે ડભોડા વિસ્તારમાંથી ચોરી કરેલ બાઈક લઈને ગાંધીનગરમાં ફરતા વાહનચોરને બાતમીને પગલે દબોચી લીધો હતો. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે વાહનચોરીનો બનાવ બને છે. સિવિલ હોસ્પિટલ તેમજ વાણીજય કોમ્પ્લેક્ષ સહિત ભરચક વિસ્તારમાંથી ચોર ઈસમો ગણતરીની મિનિટોમાં વાહનની ઉઠાંતરી કરી જાય છે. વાહનચોરીના વધી રહેલા કિસ્સાને પગલે ચોર ને પકડવા માટે પોલીસ તે દિશામાં કાર્યરત હતી. તે સમયે સેકટર-૭ પોલીસે ડભોડા વિસ્તારમાંથી ચોરી થયેલા બાઈક સાથે એક શખ્સ શહેરમાં ચક્કર મારી રહ્યો છે. જેથી પોલીસને બાતમી મળતા જ બાઈક ચાલક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે કડકાઈથી પુછતાછ કરતા તે યુવાને પોતાનુ નામ કિશન જેસંગભાઈ પટ્ટણી હોવાનું સામે આવ્યું હતું.તેણે બાઈક ડભોડાથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે પોલીસે બાઈક ચોરી અંગે તપાસ કરતા ડભોડા ખાતે કેસ નોંધાયો છે. બાઈક ચોર કિશનને ડભોડા પોલીસ મથકે સોંપી દઈ આગળની તપાસ હાથ ધરી છે.




કોરોના કેસ ઘટતા હવે મુલ્તવી રખાયેલી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ગમે ત્યારે જાહેર થઈ શકે છે. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી કોંગ્રેસના સેક્ટર-૨ ૨ ખાતેના કાર્યાલય ખાતે મેમ્બરશીપ લોન્ચીંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવા સભ્યો હાજર રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અંગેની કમિટીની બેઠક આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળી હતી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યા પછી આજે શાખાધિકારીઓ સાથે પ્રથમ બેઠક કરી યોજનાકીય કામગીરી અંગે સમીક્ષા કરશે.
- વડોદરા એસ.ઓ.જી. પી.આઈ. અજય દેસાઈનો ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે સસ્પેકટેડ ડીટેક્શન ટેસ્ટ કરવામાં આવ્યો હતો.
- ભાજપ કલોલ શહેરની આજે કારોબારી બેઠક જિલ્લાના પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, પંકજભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.
- દહેગામમાંથી ડુપ્લીકેટ જંતુનાશક દવાનો જથ્થો પકડાયો છે.
- નર્મદાનું પાણી કચ્છને આપવાના નિર્ણયને પગલે કચ્છી માડુઓ આજે મોટી સંખ્યામાં ગાંધીનગર આવ્યા હતા અને મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીને સૌએ સાલ ઓછાડી અભિવાદન કર્યુ હતુ.
- ગાંધીનગર શહેરના બજારોમાં હવે થોડીક ભીડ ગ્રાહકોની જોવા મળી રહી છે.
- કપાસિયા તેલના ભાવમાં પણ ડબ્બે ૧૦ નો વધારો થતાં મધ્યમવર્ગની મુંઝવણ વધી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**